ગોલ્ડા મેયર નો પહેલો સંઘર્ષ

બાર્બરા કાસ્નર ચિત્ર: કેલ્સી રાઇલી



ગોલ્ડા મેયર નો પહેલો સંઘર્ષ

બાર્બરા ક્રાસ્નર ચિત્ર: કેલ્સી રાઇલી





"બધા શાંત રહો, હવે સભા શરુ થવા જઈ રહી છે." મેં મારા બે રૂમવાળા વોલનટ સ્ટ્રીટ એપાર્ટમેન્ટ માં છોકરીઓ સામે ઘોષણા કરી.





એ અમેરિકન યંગ સિસ્ટર્સ સોસાયટી ની પહેલી બેઠક હતી. એ સોસાયટી રશિયા ના યહૂદી વસાહતીઓ નો એક સમૂહ હતો. મેં, ગોલ્ડી માબોવ્હેઝે, સ્વાભાવિક રીતે પોતાને આ સોસાયટી ની પ્રમુખ તરીકે નિયુક્તિ કરી હતી.

એ રૂમ માં મારી નાની બહેન ક્લારા, મારી સૌથી સારી સખી રેજીના, મારી પાડોશન બેલે અને એની બહેન ફ્રેડા હતા. સાથે મારી સહાધ્યાયી લિલિયન અને થોડા અન્ય લોકો પણ હતા.

મેં પાઠયપુસ્તકો પર ચર્ચા કરવા એ સભા બોલાવી હતી.

"આપણા સ્કૂલ ના છાત્રો પાસે પાઠયપુસ્તકો ખરીદવા માટે પૈસા નથી," મેં કહ્યું. "એમને આપણી મદદ ની જરૂરત છે."



"શું તમારા માં થી કોઈએ હાયમી ની ચોપડી જોઈ છે?" રેજીના એ પૂછ્યું. "એ એના પરિવાર માં એ ચોપડી માં થી ભણવાવાળી ત્રીજી વ્યક્તિ છે. એની ચોપડી માં થી અડધા થી વધારે પાના ગાયબ છે."

"જેની મારી ચોપડી માં થી વાંચવા માટે મારી પાછળ થી ડોકિયા કરે છે," ફ્રેડા એ કહ્યું. "કાશ એની પાસે એની પોતાની ચોપડી હોત!"

"આપણે પાઠયપુસ્તકો માટે કેટલા પૈસા ભેગા કરવા પડશે?" બેલે એ પૂછ્યું.

"એને માટે આપણા માં થી પ્રત્યેકે દર સપ્તાહે ત્રણ સેન્ટ આપવા પડશે," મેં કહ્યું. કારણકે હું ચોથી કક્ષા માં ગણિત માં સૌથી બુદ્ધિમાન હતી, એટલે એ સ્વાભાવિક હતું કે હું જ હિસાબ કરીને જણાવું.

લિલિયન જોરથી બોલી,"ગોલ્ડી, આ બહુ વધારે છે. જો, ત્રણ સેન્ટ માં એક મોટું પાઉં આવે છે."

"ત્રણ સેન્ટ માં એક લિટર દૂધ આવે છે," સારા એ કહ્યું.



રેજીના એ કહ્યું, "જો ગોલ્ડી ને લાગે છે કે આ સંભવ છે, તો આપણે એ જરૂર કરી શકીશું."

પણ જયારે બેઠક પૂરી થઇ, તો મેં વિચાર્યું કે ક્લારા અને મને દર અઠવાડિયે છ સેન્ટ ક્યાંથી મળશે.

પછી મને સમજાયું કે મારે શું કરવાનું છે.



રોજ સ્કૂલ થી પહેલા, હું મારી માઁ ની કરિયાણા ની દુકાન માં કામ કરતી હતી, કારણકે એ સમયે માઁ ખરીદી કરવા બજાર જતી હતી.

બીજે દિવસે, જયારે મિસિસ પ્લોટકીન એક લિટર દૂધ લેવા દુકાન પર આવી, તો મેં એને કહ્યું, "હું અને મારા મિત્રો, એવા બાળકો માટે સ્કૂલ ની ચોપડીઓ ખરીદવા માટે પૈસા ભેગા કરી રહ્યા છીએ જે ચોપડીઓ ખરીદી નથી શકતા. એટલે કૃપા કરીને આજે તમે એક લિટર દૂધ ના પાંચ સેન્ટ આપો."



"પણ તારી માઁ તો એને માટે ફક્ત ત્રણ સેન્ટ જ લેય છે!" એણે વિરોધ કરતા કહ્યું. પણ પછી એણે એની પર્સ માં હાથ નાખ્યો અને મને એક નિકલ (પાંચ સેન્ટ નો સિક્કો) આપ્યો. "ગોલ્ડી, તું વાસ્તવ માં બહુ કર્મઠ છે," એણે મારા ગાલે ચૂંટી ભરતા કહ્યું.

"પાઉં માટે પાંચ સેન્ટ," મેં મિસ્ટર માર્ગોલીસ ને કહ્યું.

"ગરીબ બાળકો ને પુસ્તકો ની જરૂરત છે." પછી એણે એનો ચામડા નો બટવો ખિસ્સા માં થી કાઢ્યો. પણ એની પાસે ફક્ત ચાર સેન્ટ જ હતા, અને હું એ લઈ નહોતી સકતી.

મેં મિસિસ ગાર્ફીન્કલ માટે છ ઇંડા ગણ્યા. "દસ સેન્ટ," મેં એમને કહ્યું. "હું એવા બાળકો માટે સ્કૂલ ની ચોપડીઓ માટે પૈસા ભેગા કરવાની કોશિશ કરી રહી છું જે ગરીબી ને કારણે એ ખરીદી નથી સકતા."



"જો, તારી માઁ એક ઇંડા માટે ફક્ત એક સેન્ટ જ લેય છે. હું તને ફક્ત એટલા જ પૈસા આપીશ!" એણે થોડા ગુસ્સા માં કહ્યું. પછી એણે એના ઇંડા લીધા અને દરવાજા માં થી બહાર નીકળી ગઈ.

પણ મારા બધા પ્રયાસો છતાં, સપ્તાહ ના અંત સુધી ક્લારા અને હું હજી પણ અમારા હિસ્સા ના પૈસા ભેગા નહોતા કરી શક્યા. એ સમૂહ ના અધ્યક્ષ તરીકે, મેં મારા વિકલ્પો ની યાદી બનાવી : હું બાળકો ને ગણિત શીખવા માં મદદ કરી સકતી હતી, પણ કોઇ પણ બાળક પાસે ટ્યુશન માટે પૈસા ન હતા. હું કોઈ દુકાન માં જુનિયર સેલ્સ-ગર્લ તરીકે નોકરી કરી શકતી હતી, પણ માઁ ને સ્કૂલ પહેલા મારી મદદ ની જરૂરત હતી. સ્કૂલ પછી ક્લારા ને મારી જરૂરત હતી. ત્યારે મને સમજાયું કે અમારે શું કરવું જોઇએ. અમે નિશ્ચય કર્યો કે અમારે અમારી કોઇ પ્રિય વસ્તુ નો ત્યાગ કરવો પડશે.



જયારે માઁ એ અમને કેન્ડી ખાવા એક-એક સેન્ટ આપ્યા, તો મેં ક્લારા ને કહ્યું કે આપણે ટોફી નહીં ખાઇએ.

"ટોફી નહીં ખાઈએ?" ક્લારા એ એનું નાક મચકોડયું.

મેં હામી ભરવા માથું હલાવ્યું. "તું જે સારું કામ કરવા જઈ રહી છો જરા એના વિષે વિચાર!" પણ આગલી બેઠક સુધી કોઇ પણ પર્યાપ્ત પૈસા ભેગા નહોતા કરી શક્યા.



"આપણે કંઈ મોટું વિચારવાની જરૂરત છે," મેં કહ્યું. "આપણે એક સાર્વજનિક બેઠક આયોજિત કરીશું, એક નિધિયન, અને બધા પાસે થી એક જ વાર માં પૈસા ભેગા કરીશું."

"આપણે લોકો ને આમંત્રણ મોકલીશું," ફ્રેડા એ ઓફર મૂકી.

"આપણે આવવાવાળા મહત્વપૂર્ણ લોકો ની એક સૂચિ બનાવીશું," લિલીયને સુઝાવ મુક્યો.



"આ બહુ સારા વિચાર છે," મેં કહ્યું. "અને એ અવસર પર હું એક ભાષણ પણ આપીશ."

"આપણે આટલા લોકો ને બેસવાની સગવડ ક્યાં કરીશું?" સારા એ પૂછ્યું.

એ માટે શું કરવું એ મને ખબર હતી.



બીજે દિવસે હું પેકન હોલ ગઈ, જે અમારા કાર્યક્રમ માટે લાયક હતો.

"તું શું ઇચ્છે છે?" આકર્ષક ધંધાદારી સૂટ પહેરેલા એક માણસે મને પૂછ્યું.

"હું અહીંયા ના માલિક ને મળવા આવી છું. મારે એક સાર્વજનિક કાર્યક્રમ માટે આ હોલ જોઈએ છે," મેં કહ્યું.





"તું હોલ ના માલિક સાથે જ વાત કરી રહી છે."

"હું ગોલ્ડી માબોવ્હેઝ છું અને હું અમેરિકન યંગ સિસ્ટર્સ સોસાયટી ની અધ્યક્ષ છું," પછી મેં એને મારા આવવાનું કારણ કહ્યું.

અંત માં, એણે એનું માથું હલાવતા, અમને મફત માં હોલ વાપરવાની પરવાનગી આપી.

અમે મોટા કાગળ પર નિમંત્રણ લખ્યા અને પોસ્ટર પેઇન્ટ કર્યા.

હવે ફક્ત મારુ ભાષણ બાકી હતું. આ પહેલી વાર હતું કે મારે શું કરવાનું છે એ મને સમજાતું ન હતું.






"તારા ભાષણ ને લખ," માઁ એ કહ્યું. "એટલે તું કંઈ ભૂલીશ નહીં."

રાતો ની રાતો મેં સંઘર્ષ કર્યો, પણ શબ્દો ન મળ્યા. હવે સમય આવે ત્યારે મારે બસ મારા દિલ થી બોલવું પડશે.

અમેરિકન યંગ સિસ્ટર્સ સોસાયટી



કાર્યક્રમ ની રાતે મેં પેકન હોલ ના મંચ ના પડદા પાછળ થી ઝાંક્યુ.

માઁ અને પાપા આગળ ની હરોળ માં બેઠા હતા. યંગ સિસ્ટર્સ અને એના માતા-પિતા એમની પાછળ બેઠા હતા. પણ બીજા લોકો ક્યાં હતા - એ લોકો જેની પાસે ખરેખર પૈસા હતા?

મારા પેટ અને ગળા માં એક ગાંઠ અટકી ગઈ. પણ કારણકે હું અધ્યક્ષ હતી, એટલે મેં એક ઊંડો શ્વાસ લીધો, મંચ પર આવી, અને બોલવાનું શરુ કર્યું.

"કલ્પના કરો કે પાઠયપુસ્તકો વગર વર્ગ માં બેસવાનું તમને કેવું લાગશે. ત્યારે તમને ટીચર ની વાત સમજાશે નહીં. તમે તમારું કામ કરી નહીં શકો. અને શિક્ષા, આપણે માટે આપણી ગરીબી માં થી બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો છે."

હું ત્યારે જરા અટકી ગઈ જયારે મેં મારી સ્કૂલ ના પ્રિન્સિપાલ ને દરવાજા માં થી આવતા અને એક સીટ પર બેસતા જોયા. એની સાથે સ્કૂલ ના સુપરીન્ટેન્ડેન્ટ પણ હતા. પછી મને સ્કૂલ ના થોડા શિક્ષકો પણ દેખાયા અને સાથે બાળકો ના માતા-પિતા પણ. ત્યાર બાદ મિસિસ પ્લોટકીન અને મિસ્ટર માર્ગોલીસ પણ આવ્યા. બધા થી છેલ્લે મિસિસ ગાર્ફીન્કલ પણ આવ્યા.
લોકો આવતા રહ્યા. ધીરે-ધીરે ડઝન-બંધ લોકો આવ્યા.

"આપણે આ સમસ્યા ને આ રીતે જોઈએ છીએ," મેં ચાલુ રાખ્યું. હવે મારો અવાજ વધારે મજબૂત થઈ રહ્યો હતો, "મિલવૌકી ના બાળકો જે પાઠયપુસ્તકો ખરીદી નથી શકતા, એની મદદ કરવાની આખા સમુદાય ની જવાબદારી છે. હું તમારા માં થી પ્રત્યેક ને અનુરોધ કરું છું કે તમે તમારા દિલ માં અને તમારા બટવા માં નજર કરો અને જે આપી શકો એ દાન કરો."

જયારે મારુ ભાષણ પૂરું થયું, તો બધા ઉભા થયા અને જોર-જોર થી તાળીઓ પાડવા લાગ્યા.



રેજીના અને બાકી યંગ સિસ્ટર્સ પોત-પોતાની દાન-છાબડી લઈને બેઠકો ની હરોળ માં લોકો પાસે ગઈ. પુરુષો એ પોતાના પાકીટ કાઢ્યા, મહિલાઓ એ પોતાના બટવા કાઢ્યા, અને મિસિસ ગાર્ફીન્કલે પણ એક-બે સિક્કા આપ્યા.

"અમે ઘણા પૈસા ભેગા કર્યા," ઘરે જતા મેં કહ્યું.

માઁ એ સ્મિત કર્યું. "મને લાગે છે કે હવે અમેરિકન યંગ સિસ્ટર્સ સોસાયટી આગળ કોઇ આયોજન નહીં કરે." પણ સચ્ચાઇ એ હતી, હું એક નવા સંગઠન વિષે વિચારી રહી હતી - અને દેશાંતરવાસીઓ ને અંગ્રેજી શીખવાડવા માટે પૈસા ભેગા કરવાનું વિચારી રહી હતી. મને ખબર હતી કે એ માટે મારે શું કરવાનું છે અને સ્વાભાવિક રૂપે હું એ સંગઠન ની રાષ્ટ્રપતિ બનીશ!





ગોલ્ડી માબોવ્હેઝ (જેને માબોવીચ પણ લખવામાં આવે છે) નો જન્મ 1898 માં કીવ (રશિયા) માં થયો હતો. 1906 માં એનો પરિવાર મિલવૌકી, અમેરિકા આવીને વસી ગયો. એમણે એક શિક્ષિકા બનવાની કેળવણી લીધી. 1921 માં એ એના પતિ મોરિસ મેયરસન સાથે એક યહૂદી માતૃભૂમિ સ્થાપિત કરવામાં મદદ કરવા પેલેસ્ટાઇન ગયા. ત્યાં એમણે પોતાને માટે એક નવું ઉપનામ પસંદ કર્યું, "મૅયર" જે "રોશની" માટે હિબ્રુ શબ્દ હતો. 1969-1974 સુધી ઇઝરાયેલ ના પ્રધાનમંત્રી તરીકે, એમણે ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર એમના મત વ્યક્ત કર્યા. અને એમણે સંયુક્ત રાષ્ટ્ર અથવા ઇઝરાયેલ સંસદ માં નીતિગત નિવેદન આપવા સિવાય એમના ભાષણો ને ક્યારેય લખ્યા નહીં. 1978 માં એમનું મૃત્યુ થયું. એમના સન્માન માં મિલવૌકી માં ફોર્થ સ્ટ્રીટ સ્કૂલ નું નામ બદલી ને ગોલ્ડા મૅયર નામ કરવામાં આવ્યું.

જોકે આ પુસ્તક ના સંવાદ કાલ્પનિક છે પણ બધી ઘટનાઓ સાચી છે. અમેરિકન યંગ સિસ્ટર્સ સોસાયટીએ ગરીબ બાળકો ના પાઠયપુસ્તકો માટે પૈસા ભેગા કરવાનો પ્રયાસ કર્યો. મિલવૌકી જર્નલે એના વિષે લખ્યું છે.